**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

================================================================

**ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે**

**ફર્સ્ટ અપીલ નં. ૮૯૨/૨૦૧૭**
**વિથ**
**સિવિલ એપ્લિકેશન નં. ૩૦૯૧/૨૦૧૭**
**ઈન**
**ફર્સ્ટ અપીલ નં. ૮૯૨/૨૦૧૭**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ.આર. શાહ** **સહી/-**
**અને**
**માનનીય ન્યાયમૂર્તી શ્રી બી.એન. કારિયા** **સહી/-**

| | | |
|---|---|---|
| ૧ | સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની પરવાનગી આપી શકાય? | હા |
| ૨ | રિપોર્ટરને મોકલવો કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તીઓ ચુકાદાની અંતિમ નકલ જોવા ઈચ્છે છે? | ના |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સંકળાયેલો છે? | ના |

================================================================

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ... અપીલકર્તા(ઓ)
વિરુદ્ધ
ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન... સામાવાળા(ઓ)

================================================

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે વકીલ સુશ્રી અમ્રિતા એમ. ઠાકોર સાથે વરિષ્ઠ વકીલ શ્રી મિહિર ઠાકોર
સામાવાળા(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી અજય આર. મહેતા

================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ.આર. શાહ**
**અને**
**માનનીય ન્યાયમૂર્તી શ્રી બી.એન. કારિયા**
**તારીખ: ૦૪/૦૪/૨૦૧૭**

**સી.એ.વી. ચુકાદો**
**(માનનીય ન્યાયમૂર્તી શ્રી એમ.આર. શાહ દ્વારા)**

[૧.૦] વિદ્વાન ન્યાયાધીશ, કમર્શિયલ કોર્ટ, વડોદરા (જે હવે પછી "વિદ્વાન કમર્શિયલ કોર્ટ" તરીકે ઉલ્લેખિત છે) દ્વારા કમર્શિયલ સિવિલ સૂટ નં. ૧૦/૨૦૧૬ માં પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત ચુકાદા અને હુકમનામાથી નારાજ અને અસંતુષ્ટ થઈને, જેના દ્વારા વિદ્વાન કમર્શિયલ કોર્ટે હાલના સામાવાળા મૂળ વાદી (જે હવે પછી "મૂળ વાદી" તરીકે ઉલ્લેખિત છે) દ્વારા દાખલ કરવામાં આવેલ સદર દાવો અંશતઃ મંજૂર કરેલ છે અને ઠરાવેલ છે કે મૂળ વાદી હાલના અપીલકર્તા મૂળ પ્રતિવાદી (જે હવે પછી "મૂળ પ્રતિવાદી" તરીકે ઉલ્લેખિત છે) પાસેથી રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસાની વસૂલાત માટે દાવા દાખલ કર્યાની તારીખથી હુકમનામાની તારીખ સુધી વાર્ષિક ૧૨% ના દરે વ્યાજ

સાથે અને રકમ વસૂલ થાય ત્યાં સુધી વાર્ષિક ૯% ના દરે વ્યાજ મેળવવા હકદાર છે, મૂળ પ્રતિવાદીએ હાલની ફર્સ્ટ અપીલ દાખલ કરેલ છે.

[૨.૦] હાલની ફર્સ્ટ અપીલ તરફ દોરી જતાં ટૂંકમાં તથ્યો નીચે મુજબ છે:

[૨.૧] કે મૂળ વાદી ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન, વડોદરાએ મૂળ રૂપે વિદ્વાન સિવિલ કોર્ટ સમક્ષ દાવા ફાઇલ કર્યાની તારીખથી ડિક્રિટલ રકમની વસૂલાત સુધી વાર્ષિક ૨૧% ના દરે વ્યાજ સાથે રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસાની વસૂલાત માટે સ્પેશિયલ સિવિલ સૂટ નં. ૪૨૬/૧૯૯૩ સંસ્થિત કરેલ. કમર્શિયલ કોર્ટ, વડોદરાની સ્થાપના થતાં, ઉપરોક્ત સ્પેશિયલ સિવિલ સૂટ નં. ૪૨૬/૧૯૯૩ કમર્શિયલ કોર્ટ, વડોદરા ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ જેને કમર્શિયલ સિવિલ સૂટ નં. ૧૦/૨૦૧૬ તરીકે નંબર આપવામાં આવેલ.

[૨.૨] મૂળ વાદી તરફે એવો કેસ હતો કે મૂળ પ્રતિવાદીને નરોડા, અમદાવાદ સ્થિત તેમના યુનિટ માટે બળતણ તરીકે કુદરતી ગેસની જરૂરિયાત હતી અને તેથી, મૂળ વાદી અને મૂળ પ્રતિવાદીએ ૫ વર્ષની મુદત માટે એટલે કે ૦૧.૦૬.૧૯૮૬ થી ૩૧.૦૫.૧૯૯૧ સુધીની મુદત માટે શરતો, વ્યાખ્યાઓ અને અર્થઘટનો સમાવતો કરાર તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના રોજ વડોદરા ખાતે નિષ્પાદિત કરેલ. સદર કરાર મુજબ, મૂળ વાદીના ક્ષેત્રમાંથી નરોડા, અમદાવાદ સ્થિત મૂળ પ્રતિવાદીના યુનિટમાં કુદરતી ગેસ પૂરો પાડવાનો હતો. પ્રતિવાદી પ્રતિદિન ૫૦,૦૦૦ સ્ટાન્ડર્ડ $M^3$ ગેસ ખરીદવા સંમત થયેલ અને એ પણ સંમત

થવામાં આવેલ કે જો મૂળ પ્રતિવાદી કોઈપણ દિવસે પ્રતિદિન ૪૫,૦૦૦ સ્ટાન્ડર્ડ $M^3$ થી ઓછો ગેસ ખરીદે, તો તેણે આ લઘુત્તમ જથ્થા માટે મૂળ વાદીને ચુકવણી કરવી પડશે. આમ, ૪૫,૦૦૦ $M^3$ ગેસના જથ્થાને પ્રત્યેક દિવસ માટે લઘુત્તમ ગેરંટીકૃત ઓફ–ટેક તરીકે ગણવામાં આવેલ. ગેસની કિંમત કરારના એનેક્ષર–૧ માં જોગવાઈ કર્યા મુજબ આકારવાની અને ચુકવવાપાત્ર હતી અને તે મુજબ સેન્ટ્રલ ગેસ મીટરિંગ સ્ટેશન પર ડિલિવર કરાયેલ ૧૦૦૦ $M^3$ ગેસની કિંમત રોયલ્ટી સહિત અને લાગુ પડતા અને ચુકવવાપાત્ર વેચાણવેરો, કર, લેવી, સેસ, ફી વગેરે સિવાય રૂ. ૨૮૭૮.૮૭ પૈસા રહેશે. સદર કરારના એનેક્ષર–૧ માં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ઉલ્લેખિત ગેસની કિંમત ગેર–ખાતર વપરાશ ચાર્જ માટે ફર્નેસ ઓઇલની એક્સ રિફાઇનરી કિંમતની તારીખથી પ્રો–રાટા ધોરણે આપમેળે એડજસ્ટ અને સુધારી ગણાશે જેને કિલો લીટર દીઠ રૂ. ૨૯૦૩.૦૬ તરીકે ગણવામાં આવી હતી. મૂળ વાદી તરફે એવો પણ કેસ હતો કે સદર કરારના એનેક્ષર–૧ મુજબ, સંમત થયેલી કિંમત ગુજરાતના કુદરતી ગેસ વપરાશકાર ઉદ્યોગોના મંડળ વિરુદ્ધ ONGC દ્વારા દાખલ કરવામાં આવેલ સિવિલ અપીલ નં. ૮૫૩૦/૧૯૮૩ માં માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નક્કી કરવામાં આવે તેવા સિદ્ધાંતો અનુસાર સુધારાને આધીન હતી. સદર અપીલમાં, માનનીય સર્વોચ્ચ અદાલતે તે ઉદ્યોગોને પૂરા પાડવામાં આવતા ગેસ માટે ૧૦૦૦ $M^3$ દીઠ રૂ. ૧૦૦૦ ના દરે કિંમત વસૂલ કરવાનો વચગાળાનો હુકમ પસાર કરેલ. મૂળ વાદી તરફે એવો કેસ હતો કે ત્યારબાદ કિંમતનો મુદ્દો એમ.ઓ.પી.,

એન.જી. દ્વારા નક્કી કરવામાં આવેલ અને તેના તારીખ ૧૦.૦૧.૧૯૮૭ ના નોટિફિકેશન દ્વારા, લેન્ડફોલ પોઈન્ટ્સ પર ગેસની કિંમત ૧૦૦૦ $M^3$ દીઠ રૂ. ૧૪૦૦ જાહેર કરવામાં આવેલ અને ઓનશોર ગેસ માટે નિશ્ચિત કરવામાં આવેલ. સદર કિંમત રોયલ્ટી, કર, ડ્યુટી અને અન્ય વૈધાનિક લેવીઓ સિવાયની હતી અને સદર કિંમત નોટિફિકેશનની તારીખથી તાત્કાલિક અસરથી લાગુ પડતી હતી.

[૨.૩] વાદી તરફે એવો કેસ હતો કે તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના કરારમાં જોગવાઈ કર્યા મુજબ ગેસનો પુરવઠો ૦૧.૦૬.૧૯૮૬ થી શરૂ થવાનો હતો, પરંતુ કેટલાક કારણોસર સદર પુરવઠો આપવાનું શક્ય બન્યું ન હતું અને ગેસ પુરવઠો ૨૨.૦૪.૧૯૮૯ થી શરૂ થયેલ અને તેથી, મૂળ કરારની માત્ર કેટલીક કલમોમાં સુધારો કરીને પક્ષકારો વચ્ચે ૨૯.૦૭.૧૯૮૮ ના રોજ નવો કરાર નિષ્પાદિત કરવામાં આવેલ અને તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના કરારની અન્ય તમામ શરતો અપરિવર્તિત રહી. મૂળ વાદી તરફે એવો કેસ હતો કે જ્યારે મૂળ પ્રતિવાદીને ગેસનો પુરવઠો શરૂ કરવામાં આવ્યો ત્યારે કુદરતી ગેસની કિંમત નિશ્ચિત કરતું ભારત સરકારનું નોટિફિકેશન અમલમાં હતું અને માનનીય સર્વોચ્ચ અદાલત સમક્ષ પેન્ડિંગ સિવિલ અપીલોનો પણ નિર્ણય થયો ન હતો અને તેથી, મૂળ પ્રતિવાદીએ સરકારે નક્કી કરેલી કિંમતે તેમને પૂરા પાડવામાં આવેલ ગેસની ચુકવણી કરી. મૂળ વાદીના જણાવ્યા અનુસાર નોટિફિકેશનમાં સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હતી કે ONGC અને ગ્રાહક વચ્ચે ચોક્કસ કિંમત

સાથેના મુદત પૂરી થયેલ કરાર માટે, ગ્રાહકોએ કરારમાં ઉલ્લેખિત કિંમત ચુકવવી પડશે અને નોટિફિકેશનમાં અધિસૂચિત કિંમત સદર કરાર / સમજૂતીની મુદત પૂરી થયે લાગુ થશે.

[૨.૪] મૂળ વાદીના જણાવ્યા અનુસાર, ૦૪.૦૫.૧૯૯૦ ના રોજ માનનીય સર્વોચ્ચ અદાલતે સિવિલ અપીલ નં. ૮૫૩૦/૧૯૮૩ અને અન્ય સિવિલ અપીલોમાં ચુકાદો આપ્યો અને કિંમત નક્કી કરવાના ONGC ના અધિકારને માન્ય રાખ્યો અને એ પણ માન્ય રાખ્યું કે કિંમત નક્કી કરવા માટે ONGC ફર્નેસ ઓઇલની કિંમતને પણ ધ્યાનમાં લઈ શકે છે. મૂળ વાદીના જણાવ્યા અનુસાર, તેથી મૂળ વાદી તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના કરારમાં ઉલ્લેખિત ગેસની કિંમત આકારવા હકદાર હતા અને મૂળ પ્રતિંવાદીએ પણ સદર કરારમા  સંમત થયેલી કિંમતે ગેસની ચુકવણી કરવી જરૂરી હતી. મૂળ વાદી તરફે એવો કેસ હતો કે કરારના દરે ચુકવણી કરવા માટે મૂળ પ્રતિવાદીને અનેક ટેલેક્સ સંદેશાઓ અને તારીખ ૨૩.૦૮.૧૯૯૦ ના પત્ર વ્યવહાર કરવા છતાં અને સરકારી દરો અને કરારના દરો વચ્ચેના તફાવતને કારણે બાકી નીકળતી માતબર રકમ અંગે પણ જાણ કરવા છતાં, મૂળ પ્રતિવાદીએ ચુકવણી કરવાની તેમની અરજીની ઉપેક્ષા કરી. તેથી, વાદીએ રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસા (કરારની કિંમત અને મૂળ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ વાસ્તવિક ચુકવણી વચ્ચેની તફાવતની રકમ પેટે રૂ. ૬,૦૨,૮૩,૧૧૩.૪૪ પૈસા અને મૂળ પ્રતિવાદી પાસેથી ૨૧% ના દરે

વ્યાજની રકમ પેટે રૂ. ૩,૯૪,૬૦,૧૮૫.૫૩ પૈસા વસૂલ કરવા માટે) ની વસૂલાત માટે ઉપરોક્ત દાવો સંસ્થિત કરેલ.

[૨.૫] મૂળ પ્રતિવાદી દ્વારા આંક ૨૨ પર જવાબ રજૂ કરીને દાવાનો વિરોધ કરવામાં આવ્યો હતો. મૂળ પ્રતિવાદી તરફે એવો કેસ હતો કે લેણી નીકળતી હોવાનો આક્ષેપ કરાયેલી રકમ સંબંધમાં વસૂલાત માટેનો દાવો મર્યાદાના કાયદા દ્વારા બાધિત હતો.

[૨.૬] મૂળ પ્રતિવાદી તરફે એવો કેસ હતો કે કરાર મુજબ મૂળ વાદીએ ૦૧.૦૬.૧૯૮૬ થી ગેસ પુરવઠો શરૂ કરવાનો હતો, પરંતુ વાદીએ સદર તારીખથી મૂળ પ્રતિવાદીને ગેસ પૂરો પાડ્યો ન હતો અને તે રીતે તેની મૂળભૂત શરતોનો ભંગ કરેલ. મૂળ પ્રતિવાદી તરફે એવો પણ બચાવ લેવામાં આવ્યો હતો કે મૂળ વાદીએ ૨૨.૦૪.૧૯૮૯ ના રોજ મૂળ પ્રતિવાદીને કુદરતી ગેસનો પુરવઠો શરૂ કર્યો હોવાથી અને તે દિવસે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ ૩૧.૦૧.૧૯૮૭ નું નોટિફિકેશન અમલમાં હતું, તેથી મૂળ પ્રતિવાદી પાસેથી મૂળ વાદી દ્વારા આકારી શકાય તેવી અને મૂળ પ્રતિવાદી દ્વારા મૂળ વાદીને ચુકવવાપાત્ર કુદરતી ગેસની કિંમત ૧૦૦૦ સ્ટાન્ડર્ડ $M^3$ માટે રૂ. ૧૪૦૦ હતી. મૂળ પ્રતિવાદી દ્વારા એ વાતનો પણ ઈનકાર કરવામાં આવ્યો હતો કે તારીખ ૩૦.૦૭.૧૯૮૮ ના નવા કરાર હેઠળ, સદર મૂળ કરાર અથવા તારીખ ૦૩.૧૦.૧૯૮૭ ના અસુધારિત કરારમાં સમાવિષ્ટ કિંમત સંબંધી જોગવાઈઓ અપરિવર્તિત રહી હતી. એવો બચાવ લેવામાં આવ્યો હતો કે કુદરતી ગેસની

કિંમતો નક્કી કરવાની હકુમત ૩૦.૦૧.૧૯૮૭ થી ભારત સરકારમાં નિહિત થઈ અથવા તેના દ્વારા વાપરવામાં આવી અને તેથી, ૩૦.૦૧.૧૯૮૭ થી અથવા ૩૦.૦૧.૧૯૮૭ થી પૂરા પાડવામાં આવેલ કુદરતી ગેસના સંબંધમાં, ભારત સરકાર દ્વારા તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના સદર નોટિફિકેશન દ્વારા નક્કી કરવામાં આવેલ કિંમત સિવાયની અને જે ત્યારબાદ ભારત સરકાર દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવે તેવી કિંમત સિવાય અન્ય કોઈ કિંમત આકારવા કે વસૂલ કરવા માટે મૂળ વાદીમાં કોઈ સત્તા, અિકાર કે હકુમત નિહિત ન હતી. તેથી, મૂળ પ્રતિવાદી તરફે એવો બચાવ લેવામાં આવ્યો હતો કે વાદીએ ૨૨.૦૪.૧૯૮૯ થી મૂળ પ્રતિવાદીને ગેસ પુરવઠો પૂરો પાડવાનું શરૂ કર્યું હોવાથી, મૂળ પ્રતિવાદી માત્ર તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના નોટિફિકેશન મુજબ કુદરતી ગેસના પુરવઠા માટે કિંમત ચુકવવા જવાબદાર હતા અને તેથી, મૂળ વાદી મૂળ પ્રતિવાદી સહિતના ગ્રાહક પાસેથી જે એકમાત્ર કિંમત આકારી અથવા વસૂલ કરી શકતા હતા તે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના નોટિફિકેશન મુજબની હતી. મૂળ પ્રતિવાદીએ વિલંબિત ચુકવણી પર વ્યાજ ચુકવવાની જવાબદારી અંગે પણ વિવાદ ઉઠાવ્યો હતો. તેથી, દાવો રદ કરવા અરજ કરવામાં આવી હતી.

[૨.૭] વિદ્વાન ટ્રાયલ કોર્ટે આંક ૨૫ પર નીચે મુજબના મુદ્દાઓ ઘડેલ:

૧. શું વાદી સાબિત કરે છે કે તે માગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

૨. શું વાદી સાબિત કરે છે કે તે માગ્યા મુજબ વ્યાજ મેળવવા હકદાર છે?

૩. શું પ્રતિવાદી સાબિત કરે છે કે વાદીનો દાવો ધ લિમિટેશન એક્ટની જોગવાઈઓ દ્વારા બાધિત છે?

૪. શો હુકમ અને હુકમનામું?

[૨.૮] બંને પક્ષકારોએ નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ:

(એ) વાદીપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા:

: મૌખિક પુરાવા :

| આંક નં. | વિગત |
|---|---|
| ૩૪ અને ૬૫ | શ્રી કે.એન. વેંકટેશ, સી.એમ. (માર્કેટિંગ) દ્વારા રજૂ કરવામાં આવેલ કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ ના ઓર્ડર–૧૮ રુલ–૪ હેઠળ ચીફ એક્ઝામિનેશનના બદલામાં સોગંદનામાના રૂપમાં જુબાની અને આગળનું સોગંદનામું અને ઉલટતપાસ. |

: દસ્તાવેજી પુરાવા :

| આંક નં. | વિગત |
|---|---|
| ૩૯ | ONGC લિમિટેડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વચ્ચે નિષ્પાદિત તારીખ ૨૯/૦૭/૧૯૮૮ નો મૂળ કરાર |
| ૪૦ | ONGC લિમિટેડ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વચ્ચે નિષ્પાદિત તારીખ ૦૩/૧૦/૧૯૮૫ નો મૂળ કરાર |
| ૪૧ | ONGC દ્વારા પ્રતિવાદીને લખાયેલ તારીખ ૨૩/૦૮/૧૯૯૦ ના પત્રની ઓફિસ નકલ |

| | |
|---|---|
| ૭૦ અને ૭૧ | એપ્રિલ, ૧૯૮૯ અને મે, ૧૯૮૯ માટે વાદી દ્વારા પ્રતિવાદીને આપવામાં આવેલ પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ. |
| ૭૨ અને ૭૩ | એપ્રિલ, ૧૯૮૯ અને મે, ૧૯૮૯ માટે વાદી દ્વારા પ્રતિવાદીને આપવામાં આવેલ સુધારેલ પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ |
| ૭૪ થી ૮૦ | જૂન, ૧૯૮૯ થી ડિસેમ્બર, ૧૯૮૯ સુધીના સમયગાળા માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલો. |
| ૮૧ થી ૮૮ | જાન્યુઆરી, ૧૯૯૦ થી ઓગસ્ટ, ૧૯૯૦ સુધીના સમયગાળા માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલો. |
| ૮૯ | ઓગસ્ટ, ૧૯૯૦ માટેના સુધારેલ બિલની ઓફિસ નકલ |
| ૯૦ અને ૯૧ | સપ્ટેમ્બર, ૧૯૯૦ માટે પ્રોવિઝનલ બિલ અને સુધારેલ બિલની ઓફિસ નકલ. |
| ૯૨ અને ૯૩ | ઓક્ટોબર, ૧૯૯૦ માટે પ્રોવિઝનલ અને સુધારેલ બિલની ઓફિસ નકલ. |
| ૯૪ | નવેમ્બર, ૧૯૯૦ માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ. |
| ૯૫ | ડિસેમ્બર, ૧૯૯૦ માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ. |
| ૯૬ થી ૯૮ | જાન્યુઆરી, ૧૯૯૧ થી માર્ચ ૧૯૯૧ સુધીના સમયગાળા માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ |
| ૯૯ | એપ્રિલ, ૧૯૯૧ માટેના બિલની ઓફિસ નકલ. |
| ૧૦૦ | મે, ૧૯૯૧ માટેના પ્રોવિઝનલ બિલની ઓફિસ નકલ |
| ૧૦૧ | RIL વતી સિન્ડિકેટ બેંક દ્વારા આપવામાં આવેલ તારીખ ૨૧/૧૦/૧૯૮૫ ની B/G ની ઝેરોક્ષ નકલ. |
| ૧૦૨ | તારીખ ૦૪/૧૧/૧૯૮૬ ની B/G ની માન્યતા લંબાવવાની ઝેરોક્ષ |

| | |
|---|---|
| | નકલ. |
| ૧૦૩ | RIL દ્વારા ONGC ને લખાયેલ તારીખ ૨૦/૦૫/૧૯૮૮ નો મૂળ પત્ર |
| ૧૦૪ | RIL વતી સિન્ડિકેટ બેંક દ્વારા આપવામાં આવેલ તારીખ ૧૯/૦૫/૧૯૮૮ ની મૂળ B/G |
| ૧૦૫ | તારીખ ૦૧/૦૮/૧૯૮૮ ની ઉપરોક્ત B/G ના સુધારાની ઝેરોક્ષ નકલ |
| ૧૦૬ | તારીખ ૧૯/૦૫/૮૮ ની B/G લંબાવવા માટે RIL વતી સિન્ડિકેટ બેંક દ્વારા આપવામાં આવેલ મૂળ B/G |
| ૧૦૭ | RIL દ્વારા ONGC, વડોદરાને લખાયેલ તારીખ ૨૫/૦૫/૧૯૮૯ નો પત્ર |
| ૧૦૮ | RIL વતી સિન્ડિકેટ બેંક દ્વારા આપવામાં આવેલ તારીખ ૧૪/૦૮/૧૯૮૯ ની મૂળ B/G |
| ૧૦૯ | RIL દ્વારા ONGC, વડોદરાને લખાયેલ તારીખ ૧૪/૦૮/૧૯૮૯ નો મૂળ પત્ર |
| ૧૧૦ | RIL ના ડેપ્યુટી GM દ્વારા ONGC ને મોકલવામાં આવેલ તારીખ ૧૬/૦૮/૧૯૮૯ ના FAX ની ઝેરોક્ષ નકલ |
| ૧૧૧ | SE(P) દ્વારા FAO, બરોડાને લખાયેલ તારીખ ૨૧/૦૮/૧૯૮૯ ના આંતરિક પત્રની ઓફિસ નકલ |
| ૧૧૨ | RIL દ્વારા ONGC ને લખાયેલ તારીખ ૦૮/૦૮/૧૯૯૦ નો મૂળ પત્ર |
| ૧૧૩ | B/G ૨૩/૮૯ ની માન્યતા લંબાવવા માટે RIL વતી સિન્ડિકેટ બેંક દ્વારા આપવામાં આવેલ તારીખ ૦૩/૦૮/૧૯૯૦ ની મૂળ B/G |
| ૧૧૪ | CE(P) દ્વારા FAO, બરોડાને લખાયેલ તારીખ ૧૭/૦૮/૧૯૯૦ ના આંતરિક પત્રની ઓફિસ નકલ |

(બી) પ્રતિવાદીપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા:

**: મૌખિક પુરાવા :**

| આંક નં. | વિગત |
|---|---|
| ૧૨૫ | શ્રી પંકજ ભોગીલાલ ચોવાટિયા દ્વારા CPC ના ઓર્ડર–૧૮ રુલ–૪ હેઠળ ચીફ એક્ઝામિનેશનના બદલામાં સોગંદનામાના રૂપમાં જુબાની અને ઉલટતપાસ. |

**: દસ્તાવેજી પુરાવા :**

| આંક નં. | વિગત |
|---|---|
| ૫૭ | તારીખ ૩૦/૦૧/૧૯૮૭ ના સરકારી હુકમ/નોટિફિકેશન/પત્રની નકલ |
| ૫૮ | તારીખ ૨૭/૦૩/૧૯૮૯ ના સરકારી હુકમ/નોટિફિકેશન/પત્રની નકલ |
| ૫૯ | તારીખ ૦૯/૧૧/૧૯૯૦ ના સરકારી હુકમ/નોટિફિકેશન/પત્રની નકલ |
| ૬૦ | તારીખ ૨૧/૦૧/૧૯૯૧ ના સરકારી હુકમ/નોટિફિકેશન/પત્રની નકલ |
| ૬૧ | તારીખ ૩૧/૧૨/૧૯૯૧ ના સરકારી હુકમ/નોટિફિકેશન/પત્રની નકલ |

[૨.૯] ત્યારબાદ, વડોદરા ખાતે કમર્શિયલ કોર્ટની રચના થયા પછી, ઉપરોક્ત દાવો કમર્શિયલ કોર્ટ, વડોદરા ખાતે ટ્રાન્સફર કરવામાં આવેલ. મૂળ વાદીએ આંક ૧૩૯ પર લેખિત દલીલો રજૂ કરેલ અને મૂળ પ્રતિવાદીએ પણ આંક ૧૪૦ પર લેખિત દલીલો ફાઇલ કરેલ.

[૨.૧૦] સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાનમાં લીધા પછી અને મૌખિક તેમજ દસ્તાવેજી બંને પુરાવાઓની કદર કર્યા પછી, વિદ્વાન કમર્શિયલ કોર્ટે ઠરાવેલ છે કે પક્ષકારો વચ્ચે થયેલા મૂળ કરાર મુજબ અને પક્ષકારો વચ્ચે થયેલા કરાર/સમજૂતીમાં દર્શાવેલ ચોક્કસ શરતો અનુસાર પૂરા પાડવામાં આવેલ કુદરતી ગેસની કિંમત ચુકવવા મૂળ પ્રતિવાદી જવાબદાર છે અને તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના સદર ભારત સરકારના નોટિફિકેશન મુજબ નક્કી કરાયેલી કિંમત મુદત પૂરી ન થયેલ કરારો / સમજૂતીઓને લાગુ પડશે નહીં. વિદ્વાન કમર્શિયલ કોર્ટે એવું પણ ઠરાવેલ કે મૂળ વાદી દ્વારા ફાઇલ કરવામાં આવેલ દાવો મર્યાદાના કાયદા દ્વારા બાધિત નથી જેવો કે મૂળ પ્રતિવાદી તરફે બચાવ લેવામાં આવ્યો હતો. કે, વાદગ્રસ્ત ચુકાદા અને હુકમનામા દ્વારા વિદ્વાન કમર્શિયલ કોર્ટે દાવાને અંશતઃ મંજૂર કરેલ છે અને રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસાનું હુકમનામું પસાર કરેલ છે, જોકે દાવા સંસ્થિત કર્યાની તારીખથી હુકમનામાની તારીખ સુધી વાર્ષિક ૧૨% ના દરે વ્યાજ સાથે અને હુકમનામાની તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધી વાર્ષિક ૯% ના દરે વ્યાજ આપવાનો હુકમ કરેલ છે.

[૨.૧૧] વિદ્વાન કમર્શિયલ કોર્ટ, વડોદરા દ્વારા પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત ચુકાદા અને હુકમનામાથી નારાજ અને અસંતુષ્ટ થઈને, મૂળ પ્રતિવાદીએ હાલની ફર્સ્ટ અપીલ દાખલ કરેલ છે.

[૩.૦] હાલના અપીલકર્તા – મૂળ પ્રતિવાદી તરફે વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોર ઉપસ્થિત રહ્યા છે અને કેવેટ પર રહેલા વિદ્વાન વકીલ શ્રી અજય મહેતા હાલના સામાવાળા – મૂળ વાદી તરફે ઉપસ્થિત રહ્યા છે. વિદ્વાન કમર્શિયલ કોર્ટમાંથી કેસના રેકોર્ડ અને પ્રોસીડિંગ્સ મળેલ છે. મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલશ્રીએ અલગ પેપર–બુક પણ રેકોર્ડ પર મૂકેલ છે.

[૪.૦] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોરે ભારપૂર્વક સબમિટ કરેલ છે કે કેસના તથ્યો અને સંજોગોમાં વિદ્વાન કમર્શિયલ કોર્ટે દાવાને મંજૂર કરવામાં ગંભીર ભૂલ કરેલ છે.

[૪.૧] શ્રી ઠાકોર, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ દ્વારા ભારપૂર્વક સબમિટ કરવામાં આવ્યું છે કે વિદ્વાન કમર્શિયલ કોર્ટે એવું ઠરાવવામાં ગંભીર ભૂલ કરેલ છે કે મૂળ પ્રતિવાદી કુદરતી ગેસના પુરવઠા માટે મૂળ કરાર મુજબ કિંમત ચુકવવા જવાબદાર છે અને ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના નોટિફિકેશન મુજબ નહીં.

[૪.૨] શ્રી ઠાકોર, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે સ્વીકાર્યપણે તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના મૂળ કરાર મુજબ ONGC એ ૦૧.૦૬.૧૯૮૬ થી સદર કરારમાં દર્શાવેલ કિંમતે કુદરતી ગેસ પૂરો પાડવો જરૂરી હતો. જોકે વાદીએ તારીખ ૦૩.૧૦.૧૯૮૫ ના કરાર મુજબ ગેસનો પુરવઠો શરૂ કર્યો ન હતો અને ગેસ પુરવઠો ૨૨.૦૪.૧૯૮૯

થી શરૂ કરવામાં આવ્યો હતો. સબમિટ કરવામાં આવે છે કે તે સમયગાળા દરમિયાન ભારત સરકારે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના નોટિફિકેશન મારફતે રૂ. ૧૪૦૦ ના દરે પૂરા પાડવા માટે ગેસના પુરવઠાની કિંમત નક્કી કરી હતી અને તેથી, ONGC ગેસના પુરવઠા માટે રૂ. ૧૪૦૦ ના દરે જ કિંમત આકારી શક્યું હોત અને તેથી, મૂળ પ્રતિવાદી ૧૦૦૦ સ્ટાન્ડર્ડ $M^3$ માટે રૂ. ૧૪૦૦/– ના દરે જ ગેસના પુરવઠા માટે કિંમત ચુકવવા જવાબદાર હતા, જે મૂળ પ્રતિવાદીએ ચુકવી આપી હતી. સબમિટ કરવામાં આવે છે કે તેથી વિદ્વાન કમર્શિયલ કોર્ટે દાવાને મંજૂર કરવો જોઈતો ન હતો.

[૪.૩] શ્રી ઠાકોર, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ દ્વારા સબમિટ કરવામાં આવ્યું છે કે વિદ્વાન કમર્શિયલ કોર્ટે એ તથ્યની યોગ્ય કદર ન કરીને ગંભીર ભૂલ કરેલ છે કે તારીખ ૦૩.૧૦.૧૯૮૫ નો મૂળ કરાર (આંક ૪૦) ક્યારેય અમલમાં આવ્યો ન હતો અથવા શરૂ થયો ન હતો, કારણ કે ONGC એ ૦૧.૦૬.૧૯૮૬ થી ગેસનો પુરવઠો શરૂ કર્યો ન હતો. સબમિટ કરવામાં આવે છે કે ONGC એ તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડર (આંક ૫૭) ના ઘણા સમય પછી સુધી ગેસનો પુરવઠો શરૂ કર્યો ન હતો. મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા સબમિટ કરવામાં આવ્યું છે કે તેથી મૂળ કરાર / સમજૂતી અમલમાં આવી ન હતી, ખાસ કરીને જ્યારે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ નો પ્રાઈસ ઓર્ડર બહાર પાડવામાં આવ્યો હતો. સબમિટ કરવામાં આવે છે કે તેથી તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની તારીખે

મૂળ કરારને "મુદત પૂરી ન થયેલ કરાર" તરીકે ગણાવી શકાય નહીં. સબમિટ કરવામાં આવે છે કે તેથી પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ હાલના કેસને લાગુ પડશે નહીં અને ગેસની કિંમત પ્રાઈસ ઓર્ડર દ્વારા શાસિત થશે.

[૪.૪] શ્રી ઠાકોર, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ નો આશય અને હેતુ માત્ર ONGC ને કરાર હેઠળ કરારની કિંમત આકારવાની પરવાનગી આપવાનો હતો જ્યાં તે પહેલાથી જ અમલમાં હોય તેવા કરાર હેઠળ ગેસ પૂરો પાડી રહ્યું હતું. સબમિટ કરવામાં આવે છે કે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરમાં ઉપરોક્ત કલમ પાછળનો હેતુ ONGC ને પ્રાઈસ ઓર્ડર બહાર પાડતી વખતે પાલન હેઠળના તેના કરારો પૂર્ણ કરવાની મંજૂરી આપવાનો હતો. સબમિટ કરવામાં આવે છે કે હાલના કેસમાં તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની તારીખે મૂળ કરાર અમલમાં ન હતો અને તેથી, સદર પ્રાઈસ ઓર્ડરના ઘણા સમય પછી સુધી અમલમાં ન આવેલા કરાર હેઠળ કરવામાં આવેલા પુરવઠાના સંબંધમાં ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલી કિંમત ઉપરાંત કોઈ કિંમત આકારવાની ONGC ને મંજૂરી આપવી તે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરના આશય અને હેતુથી વિપરીત હશે. મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ માં જે સંદર્ભમાં "મુદત પૂરી ન થયેલ કરારો" શબ્દ મૂકવામાં આવ્યો છે તેનો

અર્થ માત્ર એવા કરારો હોવો જોઈએ જે ૩૦.૦૧.૧૯૮૭ ના રોજ પાલન હેઠળ હતા અથવા બીજા શબ્દોમાં પાલન હેઠળ હતા અથવા પાલનની પ્રક્રિયામાં હતા અને પાલનનો કેટલોક સમયગાળો હજુ પૂર્ણ થવાનો બાકી હતો. સબમિટ કરવામાં આવે છે કે "મુદત પૂરી ન થયેલ કરારો" શબ્દો કરારના કુલ સમયગાળામાં બાકી રહેલા સમયગાળાને સંદર્ભિત કરી શકતા નથી જ્યારે આવો કરાર અને તેનું પાલન વાસ્તવમાં શરૂ જ ન થયું હોય.

[૪.૫] શ્રી ઠાકોર, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્ધાન સિનિયર વકીલ દ્ધારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે અન્યથા પણ તારીખ ૨૯.૦૭.૧૯૮૮ ના પાછળના કરારને કારણે અને તેના આધારે, મૂળ કરાર અસ્તિત્વમાં હોવાનું કહી શકાય નહીં અને/અથવા તેના પર અમલ કરવાનો ન હતો. સબમિટ કરવામાં આવે છે કે નિષ્પાદિત કરાયેલ મૂળ કરાર માત્ર રામોલ – બાઓલા ક્ષેત્રમાંથી મૂળ પ્રતિવાદીને ONGC દ્ધારા કુદરતી ગેસ પૂરો પાડવાના એકમાત્ર હેતુ માટે અને તેમાં નક્કી કરેલી રીતે હતો. સબમિટ કરવામાં આવે છે કે તેના માટેનું અવેજ મૂળ કરારની કલમ ૧૦ સાથે વાંચતા એનેક્ષર–૧ ની શરતો મુજબ મૂળ પ્રતિવાદી દ્ધારા ONGC ને ચુકવવાપાત્ર કિંમત હતી. કે મૂળ કરારમાં ગેસની કિંમત મૂળ કરાર હેઠળ ગેસ પુરવઠાની મુદત, સ્થળ અને રીતના અવેજ તરીકે પરસ્પર સંમત થયેલી હતી અને સંમત થયેલી સદર ગેસની કિંમતને મૂળ કરારમાં તે જેના માટે હતી તેનાથી અલગ કરી શકાય નહીં. સબમિટ કરવામાં આવે છે કે તારીખ ૨૯.૦૭.૧૯૮૮ ના પાછળના કરાર (આંક ૩૯) ના આધારે, મૂળ કરારની

શરતોમાં નોંધપાત્ર અને મૂળભૂત ફેરફારો થયા જે કરારના મૂળ સુધી જાય છે. સબમિટ કરવામાં આવે છે કે તારીખ ૨૯.૦૭.૧૯૮૮ ના પાછળના કરાર (આંક ૩૯) મુજબ, (એ) ગેસ પુરવઠાની મુદત, એટલે કે, ૦૧.૦૬.૧૯૮૬ થી પુરવઠો શરૂ થવાને બદલે, તે ૩૧.૧૨.૧૯૮૮ થી શરૂ થવાનો હતો, અને આ ફેરફારના આધારે, ૨ અને ૧/૨ વર્ષથી વધુનો ગેસ પુરવઠો રદ થયો; (બી) જે ગેસ ક્ષેત્રમાંથી ગેસ પૂરો પાડવાનો હતો તેમાં સંપૂર્ણ ફેરફાર થયો, એટલે કે રામોલ – બાઓલા ક્ષેત્રમાંથી, તે કલોલ ક્ષેત્રમાં બદલાયો; (સી) ગેસની ડિલિવરીની રીત અને સ્થળ બદલાયા, જેના આધારે ગેસની માલિકીનું સ્થાનાંતરણ બદલાઈ જશે; (ડી) ગેસ પરિવહન અંગેની જોગવાઈઓ બદલાઈ ગઈ. સબમિટ કરવામાં આવે છે કે તેથી ધ ઈન્ડિયન કોન્ટ્રેક્ટ એક્ટની કલમ ૬૨ ને ધ્યાનમાં લેતાં, મૂળ કરારમાં ફેરફાર કે બદલાવના કારણે, મૂળ કરાર આગળ ચાલુ રહેતો નથી અથવા અસ્તિત્વમાં રહેતો નથી અને તેનું પાલન કરવાની જરૂર નથી અને તેથી, તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ માં સમાવ્યા મુજબ મૂળ કરારને "મુદત પૂરી ન થયેલ કરાર" કહી શકાય નહીં. સબમિટ કરવામાં આવે છે કે તેથી તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ જે માત્ર "મુદત પૂરી ન થયેલ કરાર" ને લાગુ પડે છે, તે મૂળ કરાર બદલાયા કે પરિવર્તિત થયા પછી હાલના કેસમાં લાગુ પડશે નહીં.

[૪.૬] સબમિટ કરવામાં આવે છે કે તેથી વિદ્વાન જજશ્રીએ "મુદત પૂરી ન થયેલ કરારો" શબ્દનો અર્થ "અસ્તિત્વમાં હોય તેવા કરારો" તરીકે કરીને ગંભીર

ભૂલ કરેલ છે અને અસરકારક રીતે એવું ઠરાવીને કે જે કરારો પક્ષકારો દ્વારા હસ્તાક્ષરિત થવાના કારણે માત્ર અસ્તિત્વમાં હતા, ભલે તે અમલમાં ન હોય અને પાલન ન થતું હોય, તેને તારીખ ૩૦.૦૧.૧૯૮૭ ના પ્રાઈસ ઓર્ડરની કલમ ૪ ની અંદર ગણવાના હતા. સબમિટ કરવામાં આવે છે કે તેથી, વિદ્વાન કમર્શિયલ કોર્ટે ધ ઈન્ડિયન કોન્ટ્રેક્ટ એક્ટની કલમ ૬૨ ના સિદ્ધાંતની લાગુ પડવાની સ્થિતિની યોગ્ય કદર ન કરીને ગંભીર ભૂલ કરેલ છે અને તેથી, જ્યારે કોઈ કરારમાં નોંધપાત્ર અને મૂળભૂત ફેરફાર થાય છે, ત્યારે તે નવેસરનો કરાર (નવીનીકરણ) નો કેસ છે અને મૂળ કરારને માન્ય અને અસ્તિત્વમાં હોય તેવો ગણી શકાય નહીં તે સમજવામાં નિષ્ફળ ગયેલ છે.

[૪.૭] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે અન્યથા પણ વાદીના દાવાનો એક ભાગ મર્યાદાના કાયદા દ્વારા સ્પષ્ટપણે બાધિત હતો. મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા સબમિટ કરવામાં આવ્યું છે કે ૨૨.૦૪.૧૯૮૯ થી ૩૧.૦૫.૧૯૯૧ સુધીના ગેસ પુરવઠાના સમયગાળાના દાવાના સંબંધમાં ૦૨.૦૫.૧૯૯૩ ના રોજ દાવો દાખલ કરવામાં આવ્યો હતો. સબમિટ કરવામાં આવે છે કે સદર સમયગાળા સંબંધિત ઈનવોઈસ ૧૩.૦૫.૧૯૮૯ થી ૦૪.૦૬.૧૯૯૧ દરમિયાન જારી કરવામાં આવ્યા હતા (આંક ૭૦ થી આંક ૧૦૦). સબમિટ કરવામાં આવે છે કે કરારોની શરતો મુજબ સદર ઈનવોઈસ મળ્યાના ૧૦ દિવસની અંદર ચુકવણી કરવાની હતી. સબમિટ

કરવામાં આવે છે કે તેથી વિદ્વાન કમર્શિયલ કોર્ટે યોગ્ય રીતે ઠરાવ્યું છે કે ધ લિમિટેશન એક્ટની કલમ ૧૫ દાવાને લાગુ પડશે નહીં, કારણ કે મૂળ વાદી વિરુદ્ધ દાવો સંસ્થિત કરતા રોકતો કોઈ સ્ટે કે મનાઈહુકમ ન હતો. સબમિટ કરવામાં આવે છે કે તેથી દાવાની તારીખે એટલે કે ૦૨.૦૫.૧૯૯૩ ના રોજ, ૨૨.૦૪.૧૯૯૦ પહેલાં જારી કરાયેલા તમામ ઇનવોઇસ ચોક્કસપણે મર્યાદાથી બાધિત હતા. સબમિટ કરવામાં આવે છે કે તેથી આંક ૭૦ થી આંક ૮૩ સુધીના ઇનવોઇસ સ્પષ્ટપણે સમય–બાધિત હતા.

[૪.૮] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા ભારપૂર્વક સબમિટ કરવામાં આવ્યું છે કે વિદ્વાન કમર્શિયલ કોર્ટે એવું ઠરાવવામાં ગંભીર ભૂલ કરેલ છે કે ૦૩.૦૮.૧૯૯૦ ના રોજ બેંક ગેરંટી લંબાવવી અને તારીખ ૧૭.૦૮.૧૯૯૦ નો પત્ર મૂળ પ્રતિવાદી દ્વારા લેખિતમાં જવાબદારીની સ્વીકૃતિ સમાન છે અને તેથી, મર્યાદાનો સમયગાળો લંબાવશે.

[૪.૯] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા ભારપૂર્વક સબમિટ કરવામાં આવ્યું છે કે વિદ્વાન કમર્શિયલ કોર્ટે એ તથ્યની ઉપેક્ષા કરી છે કે ધ લિમિટેશન એક્ટની કલમ ૧૮ જે સ્વીકૃતિના કારણે મર્યાદા લંબાવવા સંબંધિત છે તે હાલના કેસમાં લાગુ પડશે નહીં. સબમિટ કરવામાં આવે છે કે ધ લિમિટેશન એક્ટની કલમ ૧૮ ત્યારે જ લાગુ પડશે જો કોઈપણ મિલકત અને અધિકારના સંબંધમાં "જવાબદારીની સ્વીકૃતિ" હોય. સબમિટ કરવામાં આવે છે કે "જવાબદારીની સ્વીકૃતિ" નો અર્થ પક્ષકારો વચ્ચેના કાનૂની સંબંધ

અને તેમાંથી ઉદ્ભવતી ચાલુ જવાબદારી (આવી સ્વીકૃતિ કરનાર વ્યક્તિની) ની સભાન કબૂલાત છે. તદુપરાંત, આવી સ્વીકૃતિ કે જવાબદારી લેખિતમાં થયેલી હોવી જોઈએ, જેની સામે અધિકારનો દાવો કરવામાં આવ્યો હોય તે પક્ષ દ્વારા અથવા આ વતી યોગ્ય રીતે સત્તાધિકૃત એજન્ટ દ્વારા હસ્તાક્ષરિત હોવી જોઈએ.

તેમની ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં, મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોરે AIR ૧૯૬૪ SC ૨૨૭ (પેરા ૧૪) માં રિપોર્ટ થયેલ કૃષ્ણપ્પા ચેટ્ટિયાર વિ. સોમિયાલી ના કેસમાં અને AIR ૧૯૬૭ SC ૯૩૫ (પેરા ૧૦) માં રિપોર્ટ થયેલ તિલક રામ વિ. નાથુ ના કેસમાં અને (૨૦૦૦) ૯ SCC ૭૨૨ (પેરા ૧૦) માં રિપોર્ટ થયેલ સ્ટેટ ઓફ કેરળ વિ. ટી.એમ. ચાકો ના કેસમાં માનનીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

[૪.૧૦] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી ૦૩.૦૮.૧૯૯૦ ની બેંક ગેરંટી (આંક ૧૧૩) નો સંબંધ છે, તે કરારની ચોક્કસ શરતો હેઠળ જારી કરવામાં આવી હતી જે માટે બેંક ગેરંટી જારી કરવી જરૂરી હતી અને તેથી, (૧) તે "જવાબદારીની સ્વીકૃતિ" બની શકતી નથી, (૨) જો સદર બેંક ગેરંટીનું અવલોકન કરવામાં આવે તો, તેમાં વાસ્તવમાં જવાબદારીની કોઈ સ્વીકૃતિ સમાવિષ્ટ નથી, (૩) તે ગેસ પુરવઠાના ૬૨ દિવસોના સંબંધમાં ચુકવણીની ગેરંટી આપતી જારી કરવામાં આવી હતી અને સંપૂર્ણ કરાર માટે નહીં અને તેથી, તે કરાર હેઠળના સંપૂર્ણ દાવાના સંબંધમાં "જવાબદારીની સ્વીકૃતિ" બની શકતી

નથી, (૪) તે સિન્ડિકેટ બેંક (ગેરંટર) દ્વારા મૂળ વાદીને પ્રિન્સિપલ ટુ પ્રિન્સિપલ ધોરણે જારી કરવામાં આવી હતી અને કાયદામાં સ્વતંત્ર કરાર તરીકે માન્ય છે અને તેથી, તે મૂળ પ્રતિવાદી અથવા આ વતી યોગ્ય રીતે સત્તાધિકૃત તેના એજન્ટ દ્વારા લેખિતમાં કરાયેલી અને હસ્તાક્ષરિત જવાબદારીની સ્વીકૃતિ નથી. ઉપરોક્ત બાબતોના પ્રકાશમાં સબમિટ કરવામાં આવે છે કે સદર બેંક ગેરંટી મર્યાદાનો સમયગાળો લંબાવી શકે નહીં.

[૪.૧૧] હવે, જ્યાં સુધી તારીખ ૧૭.૦૮.૧૯૯૦ ના પત્ર (આંક ૧૧૪) નો સંબંધ છે, સબમિટ કરવામાં આવે છે કે તે માત્ર મૂળ વાદીને મોકલવાની બેંક ગેરંટીઓ બીડે છે અને તેમાં "જવાબદારીની સ્વીકૃતિ" સમાવિષ્ટ નથી અને તે "જવાબદારીની સ્વીકૃતિ" જારી કરવા માટે મૂળ પ્રતિવાદી વતી સત્તાધિકૃત કોઈપણ વ્યક્તિ દ્વારા જારી કરાયેલ નથી અને તેથી, સબમિટ કરવામાં આવે છે કે તેમાં એવા કોઈ શબ્દો નથી જેને "જવાબદારીની સ્વીકૃતિ" તરીકે ગણી શકાય. સબમિટ કરવામાં આવે છે કે સદર પત્ર હજુ પણ મૂળ પ્રતિવાદી અથવા આ વતી યોગ્ય રીતે સત્તાધિકૃત તેના એજન્ટ દ્વારા કરાયેલી જવાબદારીની સ્વીકૃતિ નથી.

[૪.૧૨] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોરે વધુમાં સબમિટ કરેલ છે કે મૂળ વાદીનો એવો કેસ નથી (રજૂઆત કર્યા મુજબ કે સાબિત કર્યા મુજબ) કે રેકોર્ડ પરનો કોઈ દસ્તાવેજ જવાબદારીની સ્વીકૃતિ બને છે અથવા ધ લિમિટેશન એક્ટની કલમ ૧૮ હેઠળ મર્યાદાનો સમયગાળો લંબાઈ

ગયો. સબમિટ કરવામાં આવે છે કે તેથી વિદ્વાન કમર્શિયલ કોર્ટ એવા તારણ પર આવી શકી ન હોત જેને પ્લીડિંગ્સ અને પુરાવાઓનું સમર્થન ન હતું.

[૪.૧૩] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે મૂળ વાદી દ્વારા આ અંગે કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હોવા છતાં વિદ્વાન કમર્શિયલ કોર્ટે દાવાની તારીખ સુધી વાર્ષિક ૨૧% ના દરે વ્યાજ આપવમાં ગંભીર ભૂલ કરેલ છે. મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા સબમિટ કરવામાં આવ્યું છે કે દાવો કરાયેલ મુખ્ય રકમ રૂ. ૬,૦૨,૮૩,૧૧૩.૪૪ પૈસા હતી અને દાવામાં રૂ. ૬,૦૨,૮૩,૧૧૩.૪૪ પૈસાની મુખ્ય રકમ પર વાર્ષિક ૨૧% ના દરે વ્યાજ સહિત કુલ રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસાનો દાવો કરવામાં આવ્યો છે.

[૪.૧૪] સબમિટ કરવામાં આવે છે કે મૂળ કરારની કલમ ૧૧.૦૨ (આંક ૪૦) મુજબ, મૂળ પ્રતિવાદીએ વિલંબિત ચુકવણી પર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથેના તેના કેશ ક્રેડિટ કરાર પર સમયાંતરે મૂળ વાદી દ્વારા ચુકવવાપાત્ર વ્યાજના દર કરતાં ૧% વધુના દરે વ્યાજ ચુકવવું જરૂરી હતું. સબમિટ કરવામાં આવે છે કે જોકે મૂળ વાદીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આકારવામાં આવતો વ્યાજનો દર શું હતો તે અંગે કોઈ પુરાવા રજૂ કર્યા ન હતા.

[૪.૧૫] સબમિટ કરવામાં આવે છે કે તેથી વિદ્વાન કમર્શિયલ કોર્ટે મૂળ વાદી દ્વારા માગ્યા મુજબ દાખલ કર્યા સુધી વાર્ષિક ૨૧% ના દરે વ્યાજ મંજૂર કરવામાં

ગંભીર ભૂલ કરેલ છે. સબમિટ કરવામાં આવે છે કે કોર્ટને દાવો દાખલ કરવા પૂર્વેનું વ્યાજ આપવાની હકુમત નથી. સબમિટ કરવામાં આવે છે કે કોઈપણ સંજોગોમાં, સ્વીકાર્યા વગર એવું માની લઈએ કે કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હોવા છતાં કોર્ટને દાવો દાખલ કરવા પૂર્વેનું વ્યાજ આપવાની હકુમત છે, તો વિદ્વાન કમર્શિયલ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ દાવો દાખલ કરવા પૂર્વેનું વ્યાજ અત્યંત વધુ પડતું છે.

[૪.૧૬] મૂળ પ્રતિવાદી તરફે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી ઠાકોર દ્વારા વધુમાં સબમિટ કરવામાં આવ્યું છે કે અન્યથા પણ વિદ્વાન કમર્શિયલ કોર્ટે વ્યાજ પર વ્યાજ મંજૂર કરવામાં ગંભીર ભૂલ કરેલ છે.

[૪.૧૭] ભારપૂર્વક સબમિટ કરવામાં આવે છે કે ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ ની કલમ ૩૪ કોર્ટને માત્ર નક્કી કરેલી મુખ્ય રકમ પર વ્યાજ મંજૂર કરવાની હકુમત આપે છે, વ્યાજ પર વ્યાજ નહીં. સબમિટ કરવામાં આવે છે કે હાલના કેસમાં દાવો કરાયેલ મુખ્ય રકમ રૂ. ૬,૦૨,૮૩,૧૧૩.૪૪ પૈસા હતી અને દાવામાં કરવામાં આવેલ રૂ. ૯,૯૭,૪૩,૨૯૮.૯૭ પૈસાનો કુલ દાવો રૂ. ૬,૦૨,૮૩,૧૧૩.૪૪ પૈસાની મુખ્ય રકમ પર વાર્ષિક ૧૨% ના દરે વ્યાજ સહિતનો હતો. સબમિટ કરવામાં આવે છે કે મૂળ કરારમાં અથવા તારીખ ૨૯.૦૭.૧૯૮૮ ના કરારમાં વ્યાજના મૂડીકરણ માટે કોઈ જોગવાઈ ન હતી જેથી તેને મુખ્ય રકમનો ભાગ બનાવી શકાય. સબમિટ કરવામાં આવે છે કે તેથી

વિદ્ધાન કમર્શિયલ કોર્ટે વ્યાજ પર વ્યાજ ખાસ કરીને રૂ. ૩,૯૪,૬૦,૧૮૫.૫૩ પૈસા પર વ્યાજ મંજૂર કરવામાં ગંભીર ભૂલ કરેલ છે.

ઉપરોક્ત રજૂઆતો કરીને અને ઉપરોક્ત ચુકાદાઓ પર આધાર રાખીને, હાલની અપીલ મંજૂર કરવા અરજ કરવામાં આવે છે.

[૫.૦] હાલની ફર્સ્ટ અપીલનો મૂળ વાદી તરફે ઉપસ્થિત વિદ્ધાન વકીલ શ્રી અજય મહેતા દ્ધારા ભારપૂર્વક વિરોધ કરવામાં આવ્યો છે.

